# સોનાના ભાવો ટોચ પરથી રૂ.૩૩૫ તૂટ્યાઃ ચાંદીમાં રૂ.૧૪૨૦નો કડાકોઃ વિશ્વબજારમાં ૪૬ ડોલરનું ગાબડું

## મુંબઈમાં ચાંદીએ રૂ.૫૭૦૦૦ની અને સોનાએ રૂ.૨૯૦૦૦ની સપાટી તોડીઃ ટોચ પરથી નીચા આવતા ભાવો

મુંબઈ, તા.૧૦

મુંબઈ સોના-ચાંદી બજારમાં આજે બંને કિમતી ધાતુઓના ભાવોમાં તેજી અટકી પ્રત્યાઘાતી ઘટાડો દેખાયો હતો. મુંબઈ સોનાના ભાવો ૧૦ ગ્રામના ૯૯.૫૦ના જે બુધવારે રૂ.૨૮૮૨૫ બંધ રહ્યા પછી બુધવારે મોડી સાંજે ઉંચામાં રૂ.૨૯૧૦૦ બોલાઈ ગયા હતા તે આજે રૂ.૨૮૭૨૦ ખુલી રૂ.૨૮૭૬૫ બંધ રહ્યા હતા. આમ ઉંચા ભાવથી ગણતાં આજે મુંબઈ બજારમાં સોનાના ભાવો રૂ.૩૩૫ જેટલા ઘટ્યા હતા. આજ રીતે સોનાના ૯૯.૯૦ના ભાવો જે બુધવારે રૂ.૨૮૯૬૦ બંધ રહ્યા હતા તે બુધવારે મોડી સાંજે રૂ.૨૯૨૩૦ રહ્યા પછી આજે ભાવો રૂ.૨૮૮૫૫ ખુલી રૂ.૨૮૯૦૦ બંધ રહ્યા હતા. ચાંદી ૯૯૯ના ભાવો કિલોદીઠ બુધવારે રૂ.૫૮૧૨૫ બંધ રહ્યા પછી બુધવારે મોડી સાંજે વધીને રૂ.૫૮૩૦૦ રહ્યા હતા તે આજે રૂ.૫૭૨૫૫ ખુલી રૂ.૫૬૮૮૦ બંધ રહ્યા હતા. આમ ચાંદીમાં ઉંચા ભાવોથી ગણતાં આજે ભાવો રૂ.૧૪૨૦ જેટલા ઘટ્યા હતા.

વિશ્વબજારમાં સોનાના ભાવો જે બુધવારે સાંજે ઉંચામાં ૧૭૯૮થી ૧૭૯૫ ડોલર બોલાયા હતા તે આજે ઘટીને નીચામાં ૧૭૫૩થી ૧૭૫૪ ડોલર રહ્યા પછી ફરી વધી ૧૭૭૨.૯૦ ડોલર થઈ સાંજે ૧૭૭૦.૯૦ ડોલર રહ્યાના સમાચારો હતા. ચાંદીના ભાવો વિશ્વબજારમાં બુધવારે ઉંચામાં ૩૫.૨૫ ડોલર થઈ ગયા હતા તે આજે નીચામાં ૩૩.૩૬થી ૩૩.૩૭ ડોલર રહ્યા પછી સાંજે ૩૩.૮૧થી ૩૩.૮૨ ડોલર રહ્યાના સમાચારો હતા. મુંબઈમાં ચાંદીના ભાવો સાંજે ફરી વધી રૂ.૫૭૨૦૦થી ૫૭૩૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં ડોલરના ભાવો વધતાં અને યુરો નરમ પડતાં સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી વધી હતી. ક્રૂડતેલના ભાવો પણ વિશ્વબજારમાં વધ્યા પછી નરમ પડ્યાના સમાચારો હતા. વિશ્વબજારમાં મોડી સાંજે સોનાના ભાવો ૧૭૬૩ ડોલર તથ ચાંદીના ભાવો ૩૩.૮૭ ડોલર રહ્યા હતા જ્યારે મુંબઈમાં છેલ્લે ભાવો સોનાના ૯૯.૫૦ના રૂ.૨૮૭૫૦, ૯૯.૯૦ના રૂ.૨૮૮૮૦ અને ૧૦ તોલાના બિસ્કીટના રૂ.૩૩૭૦૦૦ તથા ચાંદીના રૂ.૫૭૪૦૦ રહ્યા હતા.RSBL SPOT ઓનલાઈન ટ્રેડિંગમાં આજે સોનાના ભાવો રૂા. ૨૮૭૦૮ ખુલી રૂા. ૨૮૮૯૬ અને ૨૮૬૨૯ વચ્ચે અથડાઈ રૂા. ૨૮૮૨૭ રહ્યા હતા. હાજર ડીલીવરી વોલ્યુંમ આજ ૧૧૦.૦૦ કિલોનું થયું હતું.